**સરસ્વતીના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. સરસ્વતી,**
**(એમ.એમ.નવધરે સાહેબશ્રીની કોર્ટ)**

---

**ફોજદારી કેસ નં.૫૭૭/૨૦૨૪**

**ફરિયાદી** **:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** **:–** જીવણભાઈ બાબુભાઈ આહીર
રહે. મૂળ ધોકાવાડા, તા.સાંતલપુર, જિ.પાટણ
રહે.હાલ પાટણ, મ.નં.૧૦૫, અપોલો નગર, તા.જિ.પાટણ

**ગુન્હો** **:–** **પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી)**
**તથા એમ.વી.એકટની કલમ–૧૮૫, ૩,૧૮૧**

**:: હુકમ ::**

ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટરનો દારૂ પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ લાયસન્સ સાથે નહી રાખી પોતાની ગાડી નં. જી.જે.૦૧ એચ.વી. ૮૯૬૭ નું હંકારી લાવી પકડાઈ જઈ તે રીતે આરોપીએ પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫, ૩,૧૮૧ મુજબના ગુનો આચરેલ છે.

આરોપી અદાલતની ખાસ બેઠક સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો આપેલ અને ત્યારબાદ આરોપીને ગુના કબુલાતની પુરશીષ સ્વૈચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઈ તેને પૂછતાં આરોપી સ્વૈચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવે છે.

આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી તેમાં જાહેરાત કરેલ છે કે, તેઓ ગરીબ તથા કુટુંબ કબીલાવાળા માણસ છે. તેમજ હાલનો તેઓનો પ્રથમ ગુનો છે, જેથી તેઓ ઉપર દયા રાખી યોગ્ય હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

તમામ રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે હાલની ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસૂરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમથી જ હાલનો ગુનો કબૂલે છે ત્યારે તેણે તેના ગુના કબૂલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો સમય બચે છે અને તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં

ઉપયોગ કરી શકાય તેમ હોય, ઉપરાંત આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ પર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ મુજબના ગુનામાં નકકી કરેલી ઓછામાં ઓછી સજા જોતાં ઓછી સજા કરીએ, ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- આ કામના આરોપી જીવણભાઈ બાબુભાઈ આહીર, રહે.હાલ પાટણ, મ.નં.૧૦૫, અપોલો નગર, તા.જિ.પાટણવાળાને પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫,૩, ૧૮૧ મુજબના ગુનામાં કસૂરવાર ઠરાવી એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ તથા એમ.વી. એકટની કલમ–૧૮૧ મુજબનાં ગુનામાં રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પૂરા) નો દંડ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પૂરા) નો દંડ મળી કુલ **રૂા.૧૬૦૦/–(અંકે રૂપિયા એક હજાર છસો પૂરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો કુલ દિન–૧૦(દસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૧૧ મી** માહે **જુલાઈ,** સને–**૨૦૨૬** ના લોક અદાલતની સ્પેશ્યલ સિટિંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧.૦૭.૨૦૨૬
સરસ્વતી.

(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સરસ્વતી,
કોડ નં. જી.જે.૦૧૭૧૫

પાવતી નં.............................. તા.૧૧.૦૭.૨૦૨૬
થી રૂા................................. દંડના વસૂલ લીધા.

નાઝીર
સરસ્વતી કોર્ટ